# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT



## દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

Vol.2, Issue. 14, July 2019


For Private Circulation Only






**Dr. Shivendra Gupta**
**Vice-Chancellor**

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



## યુનિવર્સિટી ન્યુઝ

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનના દિવસને "ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા" તરીકે જાહેર કરવામાં આવેલ છે. તા. ૨૧મી જૂન, ૨૦૧૯ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના એકઝીબીસન હોલ, સરસાણા, ખજોદ ચોકડી ખાતે સવારે ૬:૦૦ કલાકે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા અને યુનિવર્સિટી પરિવારે યોગ દિવસની ઉજવણી કરી હતી.


















## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
## આર્કિટેકચર ડિપાર્ટમેન્ટ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેકચર ડિપાર્ટમેન્ટમાં શ્રી ગીજુભાઈ સી. પટેલ ઈન્સ્ટીટયુટના ભવનનાં પ્રાંગણમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દિનાંક ૨૧મી જૂન ૨૦૧૯ના દિવસે વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓમાં યોગ, પર્યાવરણ તથા પરિશ્રમનો અભિગમ કેળવાય તેવા હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા તથા કાર્યકારી કુલસચિવશ્રી અરવિંદ ધડુકની ગરિમામય ઉપસ્થિતિથી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓમાં ઉર્જાનો સંચાર થયો હતો. ભવનનાં પ્રાંગણમાં આશરે ૨૫૦ જેટલા કુલ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતુ કે જેમાં વિવિધ ફળો, ફૂલ તથા વૃક્ષોના રોપાઓ સામેલ હતા. તદ્ઉપરાંત ઉપરોકત રોપાઓનું વ્યકિતગત રીતે જતન કરીને ઉછેર કરવાનો ડિપાર્ટમેન્ટના પરિવારે ભેગા મળીને સંકલ્પ કર્યો હતો. આ કાર્યક્રમના દિવસે સવારે હળવો વરસાદ થયો હોવાથી કુદરતનો સાથ પણ મળ્યો હોવાનો વિચાર વ્યકત થયો હતો.



















## વિદાયસમારંભ

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં તા. ૧૪–૬–૨૦૧૯ના રોજ યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે ઈ.ચા.કુલસચિવશ્રી અરવિંદ ધડુક, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટીના અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદાય થતા યુનિવર્સિટીના પરિવારના સભ્યશ્રીઓને કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ શુભેચ્છાઓ પાઠવીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. હિતેષભાઈ વાઘેલા (આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર)એ કર્યુ હતું.

નિવૃત્ત થતા શૈક્ષણિક વહીવટી કર્મચારીઓ:

| ક્રમ | કર્મચારીનું નામ |
|---|---|
| ૧ | ડૉ. શાંતિલાલ કુંવરજી ટાંક<br>પ્રોફેસર એન્ડ હેડ (બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ) |
| ૨ | શ્રીમતી રફીયાબેન આઈ. સુલેમાની<br>કાર્યાલય અધિક્ષક (વહીવટી) |
| ૩ | શ્રીમતી મણીબેન બી. પટેલ<br>કાર્યાલય અધિક્ષક (સેનેટ/સિન્ડિકેટ) |
| ૪ | શ્રી હિમ્મતલાલ વી. પટેલ<br>ટેકનિકલ આસિસ્ટન્ટ (યુનિવર્સિટી ગ્રંથાલય) |
| ૫ | શ્રીમતી હંસાબેન જી. ચૌધરી<br>હેડ કલાર્ક (અનુસ્નાતક વહીવટી સંકુલ) |
| ૬ | શ્રીમતી મંજુલાબેન એમ. પટેલ<br>સિનિયર કલાર્ક (હિસાબી) |
| ૭ | શ્રી મનહરભાઈ એમ. પટેલ<br>સિનિયર કલાર્ક (એકેડેમિક) |
| ૮ | શ્રી બાબુભાઈ એસ. પટેલ<br>સિનિયર કલાર્ક (એકેડેમિક) |
| ૯ | શ્રી અખ્તર અહમદ હુસેન મલેક<br>સિનિયર કલાર્ક (જર્નાલિઝમ અને માસ કમ્યૂનિકેશન) |
| ૧૦ | શ્રી ગુણવંતભાઈ બી. હળપતિ<br>પટાવાળા (યુવક કલ્યાણ શારિરીક શિક્ષણ) |
| ૧૧ | શ્રી કાંતિભાઈ ડી. રાઠોડ<br>પટાવાળા (એકેડેમિક) |
| ૧૨ | શ્રી ઈશ્વરભાઈ બી. પટેલ<br>હેલ્પર (બાંધકામ) |
| ૧૩ | શ્રી ભરતભાઈ બી. પટેલ<br>હેલ્પર (બાંધકામ) |
| ૧૪ | શ્રી જયંતિભાઈ જી. સોલંકી<br>સફાઈ કામદાર (પરીક્ષા) |
| ૧૫ | શ્રી ચંદુભાઈ જી. પટેલ<br>સફાઈ કામદાર (સમાજવિજ્ઞાન) |










DEPARTMENT OF COMPUTER SCIENCE






VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE


EPARTMENT OF COMPUTER SCIENCE


DEPARTMENT OF COMPUTER SCIENCE


TMENT OF COMPUTER SCIENCE


DEPARTMENT OF COMPUTER SCIENCE


ARTMENT OF COMPUTER SCIENCE




















## વ્યાખ્યાનમાળા

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ વિભાગ ખાતે યોજાઈ ગયેલ વ્યાખ્યાનમાળાનું ઉદઘાટન તા.૧૭–૬–૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું હતું.

માનવ સંસાધન વિકાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં જૂન તા. ૧૭–૨૮, ૨૦૧૯ દરમિયાન Behavioral Economics પર Full Bright Specialist Benjamin Bushong ની વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામા આવ્યું હતું. Benjamin Bushong અમેરીકાની મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં કાર્યરત છે અને તેઓ Behavioral Economicsતજજ્ઞ છે. Michigan State University માં જોડાતા પહેલા તેઓ Harvard University તેમજ Harvard Business Schoolમાં કાર્યરત હતાં.

કોગ્નીટીવ મનોવિજ્ઞાન, સામાજીક–જીવવિજ્ઞાન તેમજ ન્યુરો–સાયન્સમાંથી સુઝ મેળવીને અર્થશાસ્ત્રના સિદ્ધાંતોને સમજતા તેમજ ચકાસતા વિષયને Behavioral Economics તરીકે ઓળખવામાં આવે છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્ર કેટલીક ઘટનાઓને સમજવામાં અસમર્થ છે, જેમ કે, ધુમ્રપાન કે મદિરાપાનની માઠી અસરોની જાણ છતાં અમુક વ્યકિતઓ તેનું સેવન કરે છે? અમુક વ્યકિતઓ દાનધર્મ કરે છે? ડાઈવોર્સના વધતા જતાં કિસ્સાઓ છતાં મોટાભાગના વ્યકિતઓ પોતાના લગ્ન બાબતે કેમ હકારાત્મક વલણ રાખે છે? અમુક લોકો જુગાર કેમ રમે છે કે લોટરી કેમ ખરીદે છે? આ પ્રકારના પ્રશ્નોનો ઉકેલ નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રના સિધાન્તો દ્વારા પ્રાપ્ત થતો નથી. Behavioral Economics દ્વારા વ્યકિતઓના, પોતાનું અહિત કરનારા વ્યવહારો/વર્તન, મનોવિજ્ઞાન, સામાજીક–જીવવિજ્ઞાન અને ન્યુરોવિજ્ઞાનની મદદ લઈ સમવાવી શકાય છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો મૂળ આધારસ્તંભ એ છે કે, દરેક વ્યકિત પોતાના હિતમાં નિર્ણયો લેતા હોય છે, અને તેમને અહિત કરનારાં કોઈ કાર્યો તેઓ કરતા નથી. આમ છતાં, જયારે સામાન્ય જીવનમાં આપણે અમુક વ્યકિતઓને આ પ્રકારના અહિત કરનારા કાર્યો કરતા જોઈએ છીએ ત્યારે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રના આ આધારસ્તંભ સામે પ્રશ્ન કરી, તેણે પડકારી, તેની સમજૂતી Behavioral Economics આપે છે. અર્થતંત્રના વાસ્તવિક અને જટિલ પ્રશ્નો સમજવા માટે Behavioral Economics એક જુદી દિશા આપે છે. તેનો આર્થિક નીતિ ઘડવામાં મહત્વનું પ્રદાન રહેશે.

આજે પણ ભારતમાં જયારે મોટાભાગની યુનિવર્સિટીઓ અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો જ ભણાવામાં આવે છે ત્યારે, આ Behavioral Economics ની વ્યાખ્યાનમાળામાં અર્થશાસ્ત્રનાં અભ્યાસ માટે ખૂબ જ અમૂલ્ય છે. અર્થશાસ્ત્રના નિવોદિત આધ્યાપકો તેમજ અર્થશાસ્ત્રમાં પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ વ્યાખ્યાનમાળા થકી અર્થશાસ્ત્રના ખૂબજ અગત્યના પાસાનો અભિગમ મેળવવાની એક અમૂલ્ય તક છે.











## સમર ફિટનેસ કેમ્પની પૂર્ણાહુતિ

United States-India Education Foundation અંતર્ગત ફૂલબ્રાઈટ વિઝીટીગ સ્પેશ્યાલીસ્ટ યોજના અંતર્ગત આ વ્યાખ્યાનમાળાનું આયોજન થઈ રહ્યું છે. United States-India Education Foundation, ભારત અને અમેરીકા વચ્ચે તજજ્ઞોના વિનિમયની તમામ સગવડો માટે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને અમેરીકાની નામાંકિત યુનિવર્સિટીઓ અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ માટેની શિષ્યવૃત્તિઓ પૂરી પાડે છે. આ તમામ શિષ્યવૃત્તિઓ અને એવોડર્સની પ્રતિષ્ઠા વિશ્વકક્ષાએ ખૂબ જ ઉચ્ચછે. માનવ સંસાધન વિકાસ વિભાગના પ્રયત્નો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો તેમજ પદાધિકારીઓનો તેમાં સાથ–સહકાર ખૂબજ અગત્યનો રહ્યો હતો. આ વ્યાખ્યાનમાળાથી અધ્યાપકો અને શિક્ષણ જગતને ખૂબજ લાભદાયી નીવડશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે, જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ–બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે.સમગ્ર જનરલ ફિટનેસ કેમ્પથી ખેલાડીઓમાં સ્પીડ સ્ટ્રેન્થ, એન્ડયોરન્સ, ફલેકસીબીલીટી, મોબીલીટી, એજીલીટી ડેવલોપ માટે વિવિધ ડ્રિલ્સ કરાવવામાં આવી હતી, સાથે ગુજરાત સ્પોર્ટસ ઓથોરેટી દ્વારા માન્ય ડાયેટ આપવામાં આવ્યું હતું. આ વર્ષે યોજાયેલા ર૧દિવસનો સમર ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૭૦ જેટલા ખેલાડી ભાઈ–બહેનોએ કોંચીગનો લાભ લઈને પોતાની શકિતનો વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં કા. કુલસચિવશ્રી એ.વી.ધડુક ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું કે, રમત–ગમતમાં સિધ્ધિ હાંસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનિંગ ઉપયોગી થાય અને તમે તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા, તેમજ આ સમારંભમાં ખેલાડીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

નિયામકશ્રી પોલ ડેવિડે કેમ્પ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ–બહેનોએ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી.

સમર ફિટનેસ કોંચીગ કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી કેતન પટેલ, શ્રી અમિત રાઠોડ, શ્રી મિનેષ નિઝામા અને શ્રી નૈનેષ ડુગરાનીનું કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આભાર વિધિ નિયામક શ્રી પોલ ડેવિડે કરી હતી.





## આઈએએસ/આઈપીએસ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓનું તાલીમ કેન્દ્ર




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમ.એલ. કાકડીયા ભવનમાં IAS/IPS તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્ર એક અદ્યતન સુવિધાઓ ધરાવતું કેન્દ્ર છે. જેમાં સિવિલ સર્વિસ (UPSC/GPSC)ની તૈયારી માટે સઘન તૈયારી કરાવવામાં આવશે. તાલીમ કેન્દ્રમાં આધુનિક સગવડો સાથેની અદ્યતન લાયબ્રેરી ઉપલબ્ધ છે. જેમા રૂ.૧૦ લાખ જેટલી

કિંમતના સ્પર્ધાત્મક તૈયારી માટેના પુસ્તકો, સામાયિકો તથા અન્ય જરૂરી સાહિત્ય ઉપલબ્ધ છે. ગુજરાતી ભાષામાં પણ પર્યાપ્ત સાહિત્ય છે. વાંચન માટે પણ અલગ કેબીનો તૈયાર કરવામાં આવી છે. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૨૪ કલાક Wi-Fi સાથે ઈન્ટરનેટની સુવિધા મળે છે.

કેન્દ્ર ખાતે ક્લાસ રૂમ આધુનિક સગવડો સાથે તૈયાર કરવામાં આવ્યો છે. નજીકના ભવિષ્યમાં ઈન્ટરનેટની સુવિધા સાથે કમ્પ્યૂટર લેબ પણ શરૂ કરવામાં આવશે. તાલીમ કેન્દ્રમાં વર્ગો યુનિવર્સિટીના અનુભવી પ્રોફેસરો દ્વારા તેમજ 'સ્પીપા'ની ફેકલ્ટી દ્વારા લેવામાં આવશે. આ ફેકલ્ટી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવામાં ઘણી નિષ્ણાંત હોય છે. તાલીમ કેન્દ્ર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ કેમ થવું એ માટે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. સેવામાં કાર્યરત IAS તેમજ IPS અધિકારીઓને વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે તેમજ વાર્તાલાપ માટે આમંત્રિત કરવામાં આવશે. UPSC તથા GPSCની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારો જોડે પણ વાર્તાલાપનું આયોજન કરવામાં આવશે. દરેક વિદ્યાર્થી પ્રત્યે વ્યકિતગતધ્યાન આપવામાં આવશે. તાલીમ વર્ગો માટેની ફી પણ ખાનગી સંચાલકોની સરખામણીમાં ઘણી વાજબી છે. તાલીમ વર્ગો માટેનો સમય પણ દરેકને અનુકૂળ બની રહે એવો બપોર બાદ ૩ થી ૬ નો સમય રાખવામાં આવ્યો છે. જે વિદ્યાર્થી અનુસ્નાતક કોર્ષ કરી રહ્યા છે એવા વિદ્યાર્થીઓ અભ્યાસમાં વિક્ષેપ પડયા વિના આ તાલીમ વર્ગોમાં જોડાઈ શકે છે.

આ તાલીમ વર્ગો યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવશે આથી એની ગુણવત્તા ઘણી ઉચ્ચકક્ષાની રહેશે. વિદ્યાર્થીઓની સિવિલ સર્વિસ ક્ષેત્રે કારકીર્દિ ઘડવા માટે આ કેન્દ્ર ઘણું મૂલ્યવાન બની રહેશે.

વધુ વિગત માટે એમ.એલ.કાકડીયા ભવન ખાતે સંપર્ક કરવો.

## Ph.D.

Notification received in the University Library During 16th April to 17th May 2019.

**BIOCHEMISTRY**

1. Nilakhe, Shreeyasprasad Dhanapal. Study and Prevalence of Gestational Diabetes Mellitus in Surat city. (Guide: Dr. D.V.S.S. Ramavataram, Ex. Professor and Head, Department of Biochemistry, Surat Municipal Institute of Medical Education and Research (SMIMER), Surat). Ph.D. Notification No.2329.

**BIOINFORMATICS**

1. Hajoori, Murtaza Abbasbhai. A Bioinformatics Approach to Explore Chromium (Cr) Compound Degrading Microorganism and Evaluation of their Activity for Removal of Chromium. (Guide: Dr. S. K. Tank, Professor and Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2313.

**BIOSCIENCE (BIOINFORMATICS)**

1. Bhatt, Mital Himanshubhai. Antimetastatic Potential of Solanum Xanthocarpum on Human Cancer Cell Line. (Guide: Dr.M.N. Reddy, Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2319.

**BIOSCIENCE (BIOTECHNOLOGY)**

1. Patel, Apurva Ashokbhai. Apoptotic Induction and Molecular Studies of Tribulus Terrestris on Human Breast Cancer Cell Line MCF-7. (Guide: Dr. Preeti Sharma, Assistant Professor, Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2318.

**CHEMISTRY**

1. Bagia, Maryam Ibrahim Yunus. Surface Modified Silica Based Potential Sorbents Derived From Agricultural Detritus For Eviction of Toxix Metal Pollutants. (Guide: Dr. Bhavnaben Shah, Ex. Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2315.
2. Pandey, Nishakumari Markandey. Studies on Various Heterocyclic Derivatives Containing Nitrogen, Oxygen and Sulpher as Hetero Atoms and Their Antimicrobial Activities. (Guide: Dr. Bhavnaben Shah, Ex. Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2328.
3. Parmar, Rahulkumar Bipinbhai. Synthetic Approach of Biologically Active Quinolone and Pyrimidine Analogous Using Microware Irradiation. (Guide: Dr. N.B.Patel, Department

of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2330.

4. Patel, Ajaykumar Nathubhai. Corrosion Inhibition of Mild Steel in Various Acids. (Guide: Dr. G. M. Malik, Assistant Professor, Navyug Science College, Surat). Ph.D. Notification No.2326.
5. Patel, Jaydeepkumar Arjunbhai. Microbial Evaluation and Synthesisof Newer Triazole, Oxadiazole, Imidazole and Thiazolidinedione Clubbed Heterocycles. (Guide: Dr. N. B. Patel, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2316.

**COMMERCE**

1. Bhatt, Bansree Sandip. A Study of Organizational Citizenship Behavior of Employees Working in Selected Rated Hotels of Gujarat. (Guide: Dr. Heena S. Oza, Associate Professor, S.P.B.English Medium College of Commerce, Surat). Ph.D. Notification No.2325.

**COMMERCE/ACCOUNTANCY**

1. Dhanjal, Satvinderkaur Davindersingh. A Comparative Study of Bankers and Consumers Perception Towards E-Banking Services in South Gujarat Region. (Guide: Dr. Maheshkumar U. Daru, Assistant Professor, Smt. C.D.J.Rofel Arts and Smt. I.S.R.A.Rofel Commerce College, Vapi). Ph.D. Notification No.2314.
2. Rathore, Dharna Amit. A Study of Critical Success Factors in ERP Post Implementation Systems in Indian Companies. (Guide: Dr. Heena S. Oza, Associate Professor, S.P.B.English Medium College of Commerce, Surat). Ph.D. Notification No.2324.

**COMMUNITY MEDICINE**

1. Mamtarani Manojkumar. Impact Assessment of Targeted Interventions Among Female Sex Workers of Surat City. (Guide: Dr. J. K. Kosambiya, Professor and Head, Department of Community Medicine, Government Medical College and New Civil Hospital, Surat). Ph.D. Notification No.2323.

**COMPUTER SCIENCE**

1. A Reversible Data Perturbation Model For Adaptable Privacy Preserving Data Mining. (Guide: Dr. Ravi M. Gulati, Associate Professor, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2312.

**EDUCATION**

1. Patel, Bipinbhai Babubhai. Dharmpur Aney Vansada Rajyani Shaikshnik Paristhitino Tulnattmak Abhyas. (Guide: Dr. Rajendra B. Patel, Associate Professor and Head, Department of Education, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2320.

**ENGLISH**

1. Lotwala, Kunjal Krushnakant. Depiction of Adolescent Psychological Development in Judy Blume's Selected Young Adult Novels. (Guide: Dr. Chaitanya Desai, Assistant Professor, M.T.B. Arts College, Surat). Ph.D. Notification No.2317.

**MANAGEMENT**

1. Shah, Darshana Vikas. A Study on Trust, Perception and Attitude and its Influence on the Purchase Intention of Women towards Real Jewellery. (Guide: Dr. Manish V. Sidhpuria, Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2321.
2. Soni, Mahendrakumar Vrajlal. Awareness, Attitude and Buying Behavior of Consumers towards Renewable Energy Sources: With Special Reference to Solar Roof Top Plant. (Guide: Dr. Renuka Garg, Professor and Head, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2322.

**MATHEMATICS**

1. Shah, Rasikbhai Rajmal. Building Timetables Using Mathematical Modeling Based Algorithms. (Guide: Dr. D. V. Shah, Associate Professor, Department of Mathematics, Veer

Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2311.

**PHYSICS**

1. Prajapati, Anandkumar Vallabhbhai. Structural Based Some Physical Properties of Liquid Semiconductors Using Pseudopotential Theory. (Guide: Dr. P.B. Thakor, Associate Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No. 2327.

## કોલેજ ન્યુઝ

### પીએચ. ડી.

નવયુગ સાયન્સ કોલેજ,સુરતના પ્રા.શ્રી ધર્મેશભાઈ ગુલાબભાઈ પટેલને તેમના શોધ મહાનિબંધ "Effect of Block Spacing and Front Block Angle on Acceleration Related to the Leg Length of a Sprinter"ને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેમણે બી.એન.કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, ઉદયપુરના આચાર્ય ડૉ. હિતેષ ચંદ્ર રાવલના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે.નવયુગ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. એ. એસ. પટેલ અને કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

### સ્પર્ધા

૧. વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટસંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ. કોલેજ, અણીતા (કીમ)માં તા. ૧૯/૦૬/૨૦૧૯ના રોજ વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ હિમાની એમ., દ્વિતીય ક્રમ વાઘેલા તેજલ એચ. અને તૃતીય ક્રમ વસાવા અંકિતભાઈ કે.એ પ્રાપ્ત કર્યો હતો. સંસ્થાના ચેરમેન શ્રી જયંતિભાઈ પટેલ તેમજ આચાર્ય શ્રી ડૉ. પત્રલેખાબેન બારડે તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. રાવલજી જયશ્રીબેન પી. અને પ્રા. વાઘેલા કૌશિકાબેન એમ. એ સેવા આપી હતી.

૨. વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટસંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ. કોલેજ, અણીતા (કીમ)માં તા. ૨૫/૦૬/૨૦૧૯ના રોજ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ ભૂમિકાબેન એ., દ્વિતીય ક્રમ વસાવા અંકિતભાઈ કે. અને તૃતીય ક્રમ શેખ મહોમ્મદ સાજીદ એ. પ્રાપ્ત કર્યો હતો. સંસ્થાના ચેરમેન શ્રી જયંતિભાઈ પટેલ તેમજ આચાર્ય શ્રી ડૉ. પત્રલેખાબેન બારડે તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. અરવિંદભાઈ ટાંક અને પ્રા. સુનિલભાઈ ચૌધરીએ સેવા આપી હતી.

## વ્યકિતત્વ વિકાસ

### વિદ્યાર્થી દેશના માલિક નહી, સેવક

(દિનાંક ૧૭ ડિસેમ્બર, ૧૯૬૦ના રોજ ગુજરાતના વિશ્વવિદ્યાલયના સ્કુલ ઓફ સોશ્યલ સાયન્સના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલું ઉદબોધન)

મનુષ્ય પ્રસિદ્ધિ તથા ઇન્દ્રિયભોગની તૃપ્તિની કામના કરે છે. આ કામનાઓ પ્રબળ બને છે ત્યારે તે નૈતિક મૂલ્યોને ભુલી જઇ પોતાની વાસનાઓની પૂર્તિમાં લીન થઈ જાય છે. તેને સારાખોટાનું પણ ભાન રહેતું નથી. આ વિવેકશૂન્યતાજ બધાં દુ:ખો અને કષ્ટોનું મૂળ છે. આવી જ પરિસ્થિતિ સામાજિક સ્તરે પણ જોવા મળે છે. અમુક સંસ્થાઓ ધનસંચયમાં રુચિ ધરાવતી જોવા મળે છે. કોઈને સત્તાનો મોહ હોય છે.આ આકાંક્ષાઓની પૂર્તિ બીજા લોકો માટે વિઘ્ન ઊભું કરે છે. આ પ્રકારની આકાંક્ષા રાખવી એ માનવ સ્વભાવ છે, પરતુ તેઓ ચોકકસ મૂલ્યોને નેવે મૂકે તો પરિણામ હાનિકારક હશે. સાથે સાથે આ પ્રકારે કરવામાં આવેલી ઇચ્છાપૂર્તિ પોતાની પ્રતિક્રિયાને સ્પષ્ટ કરે છે. સંપત્તિની લાલસા, સંપતિની સમાન વહેંચણીની વિચારધારાને જન્મ આપે છે. આ પ્રતિક્રયાના જન્મદાતા એવા સામ્યવાદીઓ પોતાના પ્રચારકાર્યમાં વ્યસ્ત જણાય છે. આ જ રીતે સત્તાલાલસાથી વશીભૂત થયેલા અનેક નાના મોટા દેશો સ્વતંત્રતાપ્રાપ્તિ કે પુન:પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હોય તેવું જોવા મળે છે. આફ્રિકાની વર્તમાન ઊથલપાથલ તેનો જ પરિચય આપે છે. આ પ્રતિક્રિયા ક્રમશ: શાંત થઇને ક્રિયામાં પરિવર્તિત થાય છે. જો કે આ ક્રિયાની પ્રતિક્રિયા નિર્માણ થાય છે. આમ આ અનિષ્ટ ચક્ર ફર્યા જ કરે છે, અને માનવશાંતિ તથા બંધુતાને સમાપ્ત કરે છે.

આજે દરેક નેતા એવું પ્રસ્થાપિત કરવા માગે છે કે 'અમારી વિચારધારા જગતને શાંતિ અને સુખ અપાવશે.' તેમની પ્રમાણિતા પર શંકા થઇ શકે તેમ નથી. મારી કેવળ એટલી જ માન્યતા છે કે આ અનંત ક્રિયાપ્રતિક્રિયા જે અત્યારે દેખાઈ રહી છે તે મનુષ્ય જીવનમાં શાશ્વત અસ્થિરતા જ લાવી શકે છે. આથી આપણે આનાથી અલગ કોઈ પદ્ધતિ, જે માનવ જીવનને ચિરકાળ સુધી સુખશાંતિ આપવામાં સક્ષમ હોય એનો વિચાર કરવો પડશે. આ ઈચ્છા અને તૃષ્ણામાંથી મનુષ્યનો છુટકારો શકય છે? હું ઈચ્છા તૃષ્ણાને નષ્ટ કરવાની વાત કરતો નથી, પરંતુ તેને અકુંશમાં રાખી શકાય છે. તેના વડે શાંતિ અને સમાધાન મળી શકે છે. તેને કેવી રીતે નિયંત્રણમાં રાખી શકાય તે જોવું પડશે, પરંતુ આજે 'દ્વંદ્વવાદ' શાસ્ત્રની બોલબાલા છે. આ વિવાદથી ગભરાવાની જરૂર નથી. હિંદુ તેનાથી કયારેય ગભરાતો નથી. કારણકે તેને વિશ્વાસ છે કે આ જન્મની અપૂર્ણ આકાંક્ષાઓ પૂર્ણ કરવાની તક આવતા જન્મમાં મળશે, પરંતુ મનુષ્યજીવનમાં અમુક વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી પડશે, જેથી નિરંતર ચાલતા આ વિવાદમાંથી મુકિત મેળવી શકાય. તેને માટે આપણે આપણા પ્રાચીન હિંદુ તત્વજ્ઞાન પર દૃષ્ટિ કરવી પડશે. હિંદુ સમાજને કોઈ એક પંથમાં વિશ્વાસ કે આચારમાં બાંધીને રાખવામાં આવ્યો નથી, પરંતુ તે 'ધર્મ' સાથે જોડાયેલો છે. દુર્ભાગ્યે આજે કોઈ વિદ્વાન એના પર ધ્યાન આપવા માગતો નથી. કોઈ રુસ તરફ તો કોઈ અમેરીકા તરફ દૃષ્ટિ રાખીને બેઠા છે. આપણે કંઈપણ જાણ્યા સમજયા વગર આપણા મુળ ને જ અયોગ્ય માની બીજાની કૃપાની અપેક્ષામાં ઝૂકતા જઈ રહ્યા છીએ. આપણે બૌદ્ધિક પરાવલંબનથી ટેવાઈ ગયા છીએ.

આપણા પૂર્વજ મૂર્ખ નહોતા, તેઓ સ્વયં પ્રજ્ઞાવાન હતા અને સ્વતંત્ર પણે વિચારવા માટે સક્ષમ હતા. શાસ્ત્રપ્રયોગમાં એમનું સાહસ જરા પણ ઊતરતું નહોતું હવે એ આજે પૂરવાર થઈ ચૂકયું છે. માત્ર એક જ ઉદાહરણ લઈએ. આજે પ્રણીઓમાં વર્ણસંકરના પ્રયોગ થઈ રહ્યા છે, પરંતુ આ પ્રકારનો પ્રયોગ મનુષ્ય પર કરવાની હિંમત આજના તથાકથિત આધુનિક વૈજ્ઞાનિક સંશોધન માટે નહી, પરંતુ સાંસારિક ભોગલાલસાને કારણે છે.

આપણા સાહસિક પૂર્વજોએ માનવ સ્વભાવના આ પાસાનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો તથા એવો નિષ્કર્ષ કાઢયો કે લાલસા અને તૃષ્ણાને નિયમનમાં રાખવાથી સમાજમાં સુખ અને શાંતિ આવી શકે છે. વર્તમાનમાં સામ્યવાદીઓ દ્વારા વ્યકિત પાસેકોઈ પણ પ્રકારનો સગ્રંહ ન હોય એવી યોજના બનાવાઈ રહી છે, પરંતુ આપણા પૂર્વજોની યોજના અલગ હતી.તેઓ ભૌતિક સંગ્રહની પ્રવૃત્તિ પર જ અંકુશ રાખવા માગતા હતા. ગીતામાં 'અપરિગ્રહ'નું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આનો અર્થ છે– 'મારી બધી જ ભૌતિક સંપત્તિ ઈશ્વરની છે આ સંપત્તિ પ્રભુ ચરણમાં, સમાજસેવામાં અર્પણ કરવામાં આવે ત્યારે જ આ સંપત્તિ સુખમય બની શકે છે. 'એ જરૂરી છે કે આપણામાં એની ઈચ્છા, યોજના અને પરિપાઠ થાય કે આપણે એવો ઉત્સર્ગ કરી શકીએ. 'હુ અને મારુ' એવા ભાવ પર અંકુશ રાખવો પડશે.પૂર્વજોનો આપણને સંદેશ છે કે આપણે કમાવા માટે પરિશ્રમ કરીએ, પરંતુ કમાયેલું માત્ર આપણા માટે નહી, પરંતુ સમગ્ર સમાજના હિત માટે ઉપયોગી થવું જોઈએ.

આ માત્ર માનસિક ઘોડા દોડાવા જેવું નથી, તેનાં પ્રત્યક્ષ ઉદાહરણો પણ છે. વર્ણાશ્રમધર્મથી આપણે અજાણ હોવાને કારણે એની અવગણના કરી રહ્યા છીએ, પરંતુ આ એક માત્ર વ્યવસ્થા એવી હતી જેનાથી સંપત્તિસંગ્રહ પર અંકુશ મૂકી શકાતો હતો.

આ વર્ણાશ્રમ વ્યવસ્થા આર્થિક વિકેન્દ્રીકરણ અથવા રાજકીય પ્રશાસનના ઉદ્દેશથી બની નહોતી. એને સમસ્ત સમાજને એના ઉદ્દેશ સુધી લઈ જવા માટે પ્રસ્થાપિત કરવામા આવી હતી. આપણા સામાજિક જીવનનો ઉદ્દેશ મનુષ્યનું શરીર માત્ર નથી. ફકત ભોજન અને મકાન એને સંતોષ આપી શકે નહી. એનામાં ભાવના છે,વિચાર કરવાની શકિત છે, ઈચ્છાઓ છે, તેને પૂર્ણ કર્યા વગર એને શાંતિ મળી શકતી નથી.

જયારે મનુષ્ય સમાજનો ઘટક હોવા છતાં પણ વ્યકિતગત આકાંક્ષાઓની પૂર્તિ માટે લાગી પડે છે, ત્યારે સમાજ રચના આંદોલિત થાય છે, એ જ પરસ્પર અવિશ્વાસને જન્મ આપે છે. આ ભાવનાને રોકવાની ક્ષમતા મનુષ્યની વિચારશકિતમાં રહેલી છે. આ વિચારશકિતની ચરમસીમા સુધી પહોંચ્યા પછી આપણા દષ્ટાઓએ જોયું કે, ત્યાં 'પરમ' ના દર્શન થાય છે, એ દર્શન જ અદ્રષ્ટ સંસાર અને દ્રષ્ટ સંસારની એકરૂપતાનું જ્ઞાન છે.એ જ્ઞાન જીવનનું ધ્યેય અને અંત છે. એ જ એક માત્ર પવિત્ર શુદ્ધ મોક્ષ છે. એની અનુભૂતિ મનુષ્યમાં સંભવ છે કારણ કે વિચારનું અણુરૂપ એમાં રહેલું છે.

આ બધી ભૌતિક તૃષ્ણાઓની પાછળ ન દોડતાં આ પરમ લક્ષ્યને મનમાં રાખીને એની અનુભૂતિ પામવાના અનેક પ્રયોગ આપણા દેશમા થયા છે. પરંતુ સાર એટલો જ કે આ લક્ષ્યને પામવા માટે યોગ્ય વાતાવરણ સમાજ વ્યવસ્થાના નિર્માણથી જ સંભવ છે, જયાં વ્યકિત ક્ષમતા અને શકિત પ્રમાણે પોતાનો વિકાસ કરી શકે છે. વ્યકિત ચિંતામાં હોય, પોતાની દૈનિક જરૂરિયાતો પ્રત્યે ચિંતિત હોય તો તે સ્વાભાવિક રીતે વિકસિત થઈ શકતી નથી. વર્તમાન સમયમાં શિક્ષિત લોકો પણ પોતાની અંગત જરૂરિયાતો પૂરી કરવા માટે આજીવન વ્યસ્ત

રહે છે. આવી પરિસ્થિતિમાં અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ અશકય છે.

પ્રશ્ન એ છે કે આનું સમાધાન કયા પ્રકારની સમાજધારણા અને સમાજરચનાના આધાર પર થઈ શકે? સમાજમાં કેટલાક વિદ્વાન હશે, કેટલાક ઉત્પાદન કરનાર અને વ્યાપારી રુચિના હશે, કેટલાક કઠોર પરિશ્રમી હશે, આપણા પૂર્વજોએ સમાજમાં મુખ્યત્વે ચાર ઘટક જોયા. વર્ણપ્રથા આ ચાર પ્રકારના વર્ણોનું સમાયોજન માત્ર છે. તેનાથી દરેક વ્યકિત પોતાની ક્ષમતા મુજબ સેવાભાવથી સમાજ વિકાસમાં યોગદાન આપી પોતાનો અને સમાજનો સમતાપૂર્ણ વિકાસ કરી શકે. આ પ્રકારની વ્યવસ્થા ચાલતી રહે તો દરેકને જીવન નિર્વાહની સમાન તકો સહજ અને નિશ્ચિતપણે પ્રાપ્ત થશે.

એમાં કોઈ પ્રકારની સ્પર્ધાને સ્થાન નથી. એ જ વર્ણાશ્રમ પદ્ધતિનું મૂળ છે.દુર્ભાગ્યે વર્તમાનમાં નિરુપયોગી માની તેની અવગણના કરવામાં આવે છે. આથી તેનું શાસ્ત્રીય દ્રષ્ટિએ અવલોકન થાય એ જરૂરી છે. ખાસ કરીને આજના વર્તમાનયુગમાં આપણાપર એથી વધુ જવાબદારી છે. એ ઉદ્દેશને પામવા માટે અનેક વાતોની આવશ્યકતા છે, જેમાં સ્થિર રાજયતંત્ર એક મુખ્ય ઘટક છે.

આ પ્રકારની સમાજરચના એક દિવસમાં ન જ થઈ હોય. પરંતુ વર્તમાનમાં ઘણા આર્દશ અને વિચાર એકબીજામાં અટવાઈ ગયા છે, જેને પ્રતિસ્પર્ધા કહી શકાય. આવી સ્થિતિમાં આપણે સૌ આ વિચારધારાને 'જૂનું બધું ત્યાજય છે' એમ ગણીને છોડી દઈએ તથા એને વૈજ્ઞાનિક આધાર અથવા દ્રષ્ટિકોણથી જોઈએ. સૌ પ્રથમ આપણે આપણા દેશ વિશે વિચારીએ અને મજબૂત આધાર પર સુસંસ્કારિત, સુવ્યવસ્થિત રાષ્ટ્રની રચના કરીએ. એમાં રાષ્ટ્રીય ભાવનાનો પ્રસાર હોય. આ દેશમાં આ ધરતીને પોતાની મા માનનારો સમાજ પણ છે. તેની વિશેષ જીવનપદ્ધતિ છે, સમાન અધિષ્ઠાન છે, સમાન દર્શન છે અને સમાન આકાંક્ષાઓ છે. આ સમાજને રાષ્ટ્રીય સમાજની સંજ્ઞા આપી શકાય છે. મેં અહી આપેલી દેશની વ્યાખ્યા આધુનિક સમાજશાસ્ત્રીઓએ આપી છે એ છે. આ સત્યનું વિસ્મરણ થવાને કારણે જ અત્યાર સુધી અનેક મુશ્કેલીઓ આવી છે. દેશના વિભાજનથી મોટો પરાજય બીજો કયો હોઈ શકે છે? આજે કાશ્મીર વિશે આપણે આવું જ માનસ બનાવીને બેઠા છીએ. એનું એક માત્ર કારણ આપણા પ્રાચીન ઈતિહાસનું વિસ્મરણ તથા એને અસત્ય ઠેરવવાનું વલણ છે.

વિદ્યાર્થીઓને મારી પ્રાર્થના છે કે તેઓ છિન્નભિન્ન કલ્પનાઓમાં વહી ન જાય. એના પર સ્વતંત્ર રીતે વિચાર કરે. હું તમારા પર સ્તુતિસુમન વેરીશ નહી. તમે 'દેશના સ્તંભ' કહેવાઓ છો, પરંતુ દેશ આવા સ્તંભો પર ઊભો રહેતો નથી. આથી હું માત્ર એટલું જ કહીશ કે તમે દેશના સેવક બનો, પુરી શકિતથી દેશનિર્માણના કાર્યમાં લાગો. જયાંની યુવાશકિત પોતાની ક્ષમતાની એક એક કણ રાષ્ટ્રની પ્રગતિ માટે દાવ પર લગાવી દે છે, કેવળ એ જ રાષ્ટ્ર પ્રગતિમાં અગ્રણી બને છે. પોતાનું જીવન, પ્રસિદ્ધિ, સંપત્તિ અને અધિકારી અભિલાષા દેશની વેદી પર ન્યોછાવર કરી દેવાનો હું આગ્રહ કરું છું. એમાં જ દેશની સમૃદ્ધિ, પોતાનું સુખ અને સમાજનું ગૌરવ છે. (સાભાર : શ્રી ગુરુજી સમગ્ર ખંડઃ ૫, પૃ.૧૭–૧૯)

ઈચ્છાઓના તુષ્ટીકરણની ચેષ્ટા જેટલી થશે એટલો જ અસંતોષ વધશે. ભૌતિક સુખસાધનોનો સંગ્રહ કરવાની ઈચ્છા જેટલી પ્રબળ હશે,નિરાશા પણ એટલી વધુ હશે. આસકિત જેટલી વધારે હશે,મોહભંગ પણ એટલો જ તીવ્ર હશે. આપણા શાસ્ત્રોએ ઘોષણા કરી છે – ન જાતુ કામઃ કામાદામુપભોગેન શામ્યતિ.

–શ્રી ગુરુજી

**Chief Editor: Dr. K.C.Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr. B.J.Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Shri A.V.Dhaduk**
I/c Registrar
Veer Narmad South Gujarat University
Surat.

**Type and Setting by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**